# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-02-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પીએમ કિસાન યોજના અંતર્ગત ખેડૂતોના ખાતામાં 22 હજાર 700 કરોડ રૂપિયાની રકમ જારી કરી

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, વિશ્વના દરેક રસોડામાં ઓછામાં ઓછી એક ભારતીય વાનગીને સામેલ કરવી એ તેમનું સ્વપ્ન છે

3) ભારત અને ઈંગ્લેન્ડ મુક્ત વેપાર વાટાઘાટો ફરી શરૂ કરવા સંમત થયા

4) હવામાન વિભાગે આવતીકાલથી 28 ફેબ્રુઆરી સુધી ઉત્તર ભારતમાં વાવાઝોડા સાથે મધ્યમ વરસાદ અને બરફવર્ષાની આગાહી કરી

5) મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં, બેંગલુરુમાં યુપી વોરિયર્સ અને રોયલ ચેલેન્જર બેંગલુરુ વચ્ચે મુકાબલો

.....................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# EVE. PM - BIHAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બિહારના ભાગલપુર ખાતેથી 9 કરોડ 80 લાખ ખેડૂતોને પીએમ કિસાન યોજનાનો 19મો હપ્તો છૂટો કર્યો. શ્રી મોદીએ 22 હજાર 700 કરોડ રૂપિયાની રકમ જારી કરતા બિહાર સહિતના દેશના ખેડૂતોને શુભકામના પાઠવી હતી.

(બાઇટ: નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી - PM KISAN SAMMAN BYTE)

દરમિયાન શ્રી મોદીએ કહ્યું કે વિશ્વના દરેક રસોડામાં ઓછામાં ઓછી એક ભારતીય વાનગીને સામેલ કરવી એ તેમનું સ્વપ્ન છે. શ્રી મોદી એ જણાવ્યું કે તેમની સરકાર કૃષિ ઉત્પાદનોની નિકાસ, પ્રક્રિયા અને માર્કેટિંગને પ્રોત્સાહન આપીને આ દિશામાં અવિરતપણે કામ કરી રહી છે.

(બાઇટ: નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી – PM DREAM BYTE)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે મખાના બોર્ડની રચના પછી વૈશ્વિક બજારમાં નિકાસ વધશે અને ખેડૂતોને ઉત્પાદન, મૂલ્યવર્ધન અને માર્કેટિંગમાં મદદ મળશે. શ્રી મોદીએ કેરી, ટામેટા, ડુંગળી અને બટાકાને પ્રોત્સાહન આપવા બિહારના ભાગલપુર, મુંગેર અને બક્સરમાં ત્રણ નવા સેન્ટર ઓફ એક્સેલન્સની પણ જાહેરાત કરી. શ્રી મોદીએ કહ્યું કે નાલંદા પછી ભાગલપુરના વિક્રમશિલામાં બીજી એક કેન્દ્રીય યુનિવર્સિટી સ્થાપિત કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# PM ASSAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આસામના બે દિવસનાં પ્રવાસે પહોંચ્યાં છે. શ્રી મોદી ગુવાહાટીમાં ઝુમોઇર બિનંદિની કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં. તેમણે સારુસજાઈ સ્ટેડિયમ ખાતે મેગા ઝુમુર નૃત્ય નિહાળ્યું હતું. આદિવાસી સમુદાયના 8 હજાર 500થી વધુ કલાકારો આ નૃત્ય રજૂ કર્યું હતું. આસામ ચાના 200 વર્ષ પ્રસંગે આયોજિત આ નૃત્ય સમારોહમાં ભારતમાં વિદેશી દૂતાવાસોના 61 વડાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રધાનમંત્રી બીજા એડવાન્ટેજ આસામ શિખર સંમેલન અંગેના પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કરશે.

તેઓ આવતીકાલે 'એડવાન્ટેજ આસામ 2.0 ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સમિટ'નું ઉદ્ઘાટન કરશે.

# PM JAYALALITA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે તમિલનાડુના ભૂતપૂર્વ મુખ્યમંત્રી જયલલિતાને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે જયલલિતાની એક દયાળુ નેતા અને ઉત્કૃષ્ટ પ્રશાસક તરીકે પ્રશંસા કરાતી હતી, જેમણે તમિલનાડુના વિકાસ માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. પ્રધાનમંત્રીએ કહ્યું કે જયલલિતા હંમેશા ખૂબ જ ઉષ્માભર્યા વર્તન ધરાવતા હતા અને જાહેર કલ્યાણકારી પહેલોને ટેકો આપતા હતા.

. . . . . . . . . . . . . . . .

# SHAH-WATAN KO JAANO

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં યુવા વિનિમય કાર્યક્રમ - વતન કો જાનો અંતર્ગત જમ્મુ અને કાશ્મીરના યુવાનો અને બાળકો સાથે સંવાદ કર્યો. નવી દિલ્હીની મુલાકાતે આવેલા કુલ 250 બાળકોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. બાળકો સાથે વાતચીત કરતા શ્રી શાહે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકારના શાસનકાળમાં છેલ્લા દસ વર્ષમાં જમ્મુ અને કાશ્મીરમાં પરિવર્તન આવ્યું છે.

(બાઈટ – અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી)

. . . . . . . . . . . . . . . .

# GOYAL-UK FTA

ભારત અને ઈંગ્લેન્ડ આજે મુક્ત વેપાર વાટાઘાટો ફરી શરૂ કરવા સંમત થયા છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે નવી દિલ્હીમાં ઈંગ્લેન્ડના વેપાર અને વાણિજ્ય સચિવ જોનાથન રેનોલ્ડ્સ સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા આ વાત કહી હતી. શ્રી ગોયલે ઉલ્લેખ કર્યો હતો કે ઈંગ્લેન્ડમાં ચૂંટણીઓને કારણે FTA પરની વાટાઘાટો અટકી ગઈ હતી. તેમણે ભાર મૂક્યો હતો કે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે મુક્ત વેપાર કરાર-FTA એક ભવિષ્યલક્ષી, સમાન, સંતુલિત, પારદર્શક અને પરસ્પર ફાયદાકારક કરાર બનવા જઈ રહ્યો છે જેનો લાભ બંને દેશોને થશે.

. . . . . . . . . . . . . . . .

# RAILWAYS-MAHAKUMBH

ભારતીય રેલવે પ્રયાગરાજ ખાતે ચાલી રહેલા મહાકુંભની મુલાકાત લેતા યાત્રિકો માટે અનુકૂળ મુસાફરીના વિકલ્પો પ્રદાન કરવા માટે સતત પ્રયાસો કરી રહ્યું છે. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ રેલવે બોર્ડના સ્થાપિત વોર રૂમમાંથી પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. શ્રી વૈષ્ણવે કહ્યું, નવી દિલ્હી રેલવે મથક પર ભીડ નિયંત્રણ માટે અનેક પગલાં લેવાયા છે. તેમણે કહ્યું કે, જો મુસાફરો પાસે રિઝર્વ ટિકિટ હશે તો તેઓ સીધા સ્ટેશનની અંદર જશે અને જેની પાસે ટિકિટ નથી તેઓ પ્રથમ  હોલ્ડિંગ વિસ્તારમાં જશે.

(બાઇટ:  અશ્વિની વૈષ્ણવ - રેલવે મંત્રી)

. . . . . . . . . . . . . . . .

# MAHAKUMBH - MOSJE

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા પ્રયાગરાજના મહાકુંભમાં અત્યાર સુધીમાં 16 કરોડ રૂપિયાથી વધુની કિંમતનાં આશરે એક લાખ સહાયક ઉપકરણોનું વૃદ્ધ વ્યક્તિઓને વિતરણ કરાયું છે. મહાકુંભ મેળા વિસ્તારના સેક્ટર 7 ખાતે મંત્રાલયના પેવેલિયનમાં સહાયક ઉપકરણોનું વિતરણ કરાઇ રહ્યું છે, જેનાથી અત્યાર સુધીમાં આશરે 21 હજાર વૃદ્ધોને લાભ થયો છે. અમારા સંવાદદાતાના જણાવ્યા અનુસાર પેવેલિયન ઇન્ટરેક્ટિવ પદ્ધતિઓ દ્વારા મંત્રાલયની વિવિધ યોજનાઓ અને પહેલો વિશે જાગૃતિ ફેલાવી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# DELHI ASSEMBLY SESSION

નવી રચાયેલી દિલ્હી વિધાનસભાના પ્રથમ સત્રનો આજથી પ્રારંભ થયો. આજે મુખ્યમંત્રી રેખા ગુપ્તા અને તેમના મંત્રીમંડળના પ્રવેશ સાહિબ સિંહ, આશિષ સૂદ, મનજિન્દર સિંહ સિરસા, કપિલ મિશ્રા, રવિન્દ્ર સિંહ અને પંકજ સિંહે ધારાસભ્ય તરીકે શપથ લીધા હતા. પ્રોટેમ સ્પીકર અરવિંદર સિંહ લવલીએ શપથ લેવડાવ્યા. રોહિણીના ધારાસભ્ય વિજેન્દર ગુપ્તાને દિલ્હી વિધાનસભાના અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા છે.

ઉપરાજ્યપાલ વી.કે. સક્સેના આવતીકાલે ગૃહને સંબોધિત કરશે. ગત સરકારના કામકાજ અંગેનો CAG રિપોર્ટ પણ તે જ દિવસે રજૂ કરાશે. ત્રણ દિવસનું આ સત્ર 27 ફેબ્રુઆરી સુધી ચાલશે.

. . . . . . . . . . . . . . . .

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે આવતીકાલથી 28 ફેબ્રુઆરી દરમિયાન જમ્મુ કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વાવાઝોડા અને વીજળી સાથે હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે. 26 ફેબ્રુઆરીથી પહેલી માર્ચ દરમિયાન પંજાબ, હરિયાણા, ચંદીગઢમાં છૂટાછવાયા વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ ભારતના મેદાની વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં બે થી ચાર ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી કરી છે.

................

# IIT MANDI - RAJNATH SINGH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કૃત્રિમ બુદ્ધિમત્તા-AI ટેકનોલોજીનો ઉપયોગ કરીને સંરક્ષણ ક્ષેત્રમાં નવા સંશોધન માટે હાકલ કરી છે. તેઓ આજે હિમાચલ પ્રદેશમાં ભારતીય તકનિક સંસ્થા-IIT મંડીના 16મા સ્થાપના દિવસ પ્રસંગે આમ જણાવ્યું હતું. શ્રી સિંહે સંરક્ષણ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટે AI-સંચાલિત પ્રગતિની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

શ્રી સિંહે ઉમેર્યું કે ભારત સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભર બની રહ્યું છે, અંદાજે 70 ટકા સંરક્ષણ સાધનોનું ઉત્પાદન સ્થાનિક સ્તરે થાય છે.

. . . . . . . . . . . . . . . .

# WPL

મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગ - WPLમાં, આજે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને યુપી વોરિયર્સ વચ્ચે બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે મેચ રમાઈ રહી છે. યુપી વોરિયર્સની ટીમે ટોસ જીતીને પ્રથમ ફિંલ્ડીંગ કરવાનો નિર્ણય લીધો છે.

છેલ્લા અહેવાલ મુજબ, રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂની ટીમે 7 ઓવરમાં 1 વિકેટે 45 રન બનાવ્યાં છે.

. . . . . . . . . . . . . . . .